RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૬૪૬ તા.૨૩–૨–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી રામપ્રકાશ કૈલાશચંદ્ર જાંગીડ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (નોર્થઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રામપ્રકાશ કૈલાશચંદ્ર જાંગીડની તા. ૦૪–૦૧–૧૨ની અરજી આઈડી નં. ૧૪૯૯ મુદ્દા નં. (૧) ઓમકાર સોસાયટી વિભાગ–૨ સિંગણપોર સોસાયટીના કેટલા મકાનો પરવાનગી લઈ ૧ અને ૨ માળ બાંધેલ છે. વિ. મુદ્દા નં. (૧)થી (૯)ની માહિતી તથા આઈડી નં. ૧૪૯૮ મુદ્દા નં.(૧)સન ૧૯૯૭–૯૮ થી સોસા.માં પાણીની લાઈન નાખવાનો કેટલા એસ્ટીમેન્ટ હતો અને સોસા.એસ.સી./એસ.ટી.ની તથા સ્ટાફ હોય તો કેટલા ટકા ચાર્જીસ ભરવા પડે. તે ચાર્જીસમાં કયા માન્યશ્રી કોર્પોરેટની સાહેબશ્રીની ગ્રાન્ટ મેળવવામાં આવેલી રકમથી મંજુર થયેલ અને ઉપરોકત સોસા. કેટલું ભંડોળ આ રીતે સોસા. ડ્રેનેજલાઈન–સ્ટ્રીટલાઈટ તેમજ ડામર રોડના ફાળામાં કેટલી–કેટલી રકમ સોસા.માં ભરેલ છે અને માન્યશ્રી કોર્પોરેટની ગ્રાન્ટ લેવામાં આવી છે તે માહિતી વિ. મુદ્દા નં.(૧)થી (૨)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૩–૨–૧૨ ની **SMC/FAP/** નં.૬૪૬/૨૦૧૧–૧૨

શ્રી રામપ્રકાશ કૈલાશચંદ્ર જાંગીડની તા. ૦૪–૦૧–૧૨ની અરજી આઈડી નં. ૧૪૯૯ મુદ્દા નં. (૧) ઓમકાર સોસાયટી વિભાગ–૨ સિંગણપોર સોસાયટીના કેટલા મકાનો પરવાનગી લઈ ૧ અને ૨ માળ બાંધેલ છે. વિ. મુદ્દા નં. (૧)થી (૯)ની માહિતી તથા આઈડી નં. ૧૪૯૮ મુદ્દા નં.(૧) સને ૧૯૯૭–૯૮ થી સોસા.માં પાણીની લાઈન નાખવાનો કેટલા એસ્ટીમેટ હતો અને સોસા.એસ.સી./એસ.ટી.ની તથા સ્ટાફ હોય તો કેટલા ટકા ચાર્જીસ ભરવા પડે. તે ચાર્જીસમાં કયા માન્યશ્રી કોર્પોરેટની સાહેબશ્રીની ગ્રાન્ટ મેળવવામાં આવેલી રકમથી મંજુર થયેલ અને ઉપરોકત સોસા. કેટલું ભંડોળ આ રીતે સોસા. ડ્રેનેજલાઈન–સ્ટ્રીટલાઈટ તેમજ ડામર રોડના ફાળામાં કેટલી–કેટલી રકમ સોસા.માં ભરેલ છે અને માન્યશ્રી કોર્પોરેટની ગ્રાન્ટ લેવામાં આવી છે તે માહિતી વિ. મુદ્દા નં.(૧)થી (૨)ની માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(કતારગામઝોન)ના પત્ર નં. એન.ઝેડ/આઉટ/૭૪૩૪ તા. ૨૭–૧–૧૨ અને નં. એન.ઝેડ/આઉટ/૭૪૨૯ તા.૨૫–૧–૧૨ થી મળેલ માહિતીની વિગતો પાયા વગરની અને અધૂરી હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૩–૨–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા /ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા પ્રત્યેક મુદ્દાવાર માહિતીની દફતરી વિગત મોકલવા સાથે વિવાદીત મુદ્દા જરૂરી હોય ત્યાં નકલ સહ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ /૧૯૧૨ તા.૫–૩–૧૨ થી** એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (નોર્થઝોન) તથા અરજદારને બે અલગ અરજી–માહિતી સામે સંયુકત અપીલ છે. તેમને બંને અરજીમાં અધૂરી અને પાયા વગરની માહિતીના દાવા સામે મળેલ માહિતી સહિત મુદ્દાવાર આધાર સહ પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.નોર્થઝોન/આ.નં.૮૯૦૧ તા.૧૯–૩–૧૨ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, જાહેર માહિતી અધિકારી તરફથી આઈ ડી નં.૧૪૯૮ તા. ૪–૧–૧૨ ની અરજી બાબતે પત્ર નં.એન.ઝેડ/આ.નં.૬૯૩૫ તા. ૧૦–૧–૧૨ થી અરજદારે માંગેલ માહિતી અંગે સ્પષ્ટતા કરવા અંગેના પત્રની નકલ, અરજદાર તરફથી રજૂ થયેલ તા.૧૨–૧–૧૨ ના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી તરફથી આઈ ડી નં.૧૪૯૮ તા. ૪–૧–૧૨ થી મુદ્દા નં.૧ અંગે અરજદારને આપેલ માહિતી અંગેના પત્ર નં.એન.ઝેડ/આ.નં.૭૪૩૪ તા. ૨૭–૧–૧૨ ના પત્રની નકલ, નોંધ વિભાગ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૯૧૨ તા.૫–૧–૧૨ થી જાહેર માહિતી અધિકારી કતારગામ, ટાઉન પ્લાનરશ્રી (મ.શ.વિ.) ને તબદીલ કરેલ પત્રની નકલ ,મુળ અરજીની નકલ, અરજદારે મુદ્દા નં.૧ થી ૯ અંગે આપેલ માહિતી અંગે પત્ર નં.નોર્થઝોન/આ.નં.૭૪૨૯ તા.૨૫–૧–૧૨ ના પત્રની નકલ, પત્ર ન.એન.ઝેડ/એઆરડી/૮૬૧ તા. ૨૩–૨–૧૨ ના પત્રની નકલ, પત્ર

નં.નોર્થઝોન/આ.નં.૮૩૦૭ તા.૨૭–૨–૧૨ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૨૨–૩–૧૨ નો પત્ર અત્રે મળેલ છે.

અરજદારની તા.૦૪–૧–૧૨ ની અરજી આઈડી નં. ૧૪૯૯ થી મુદ્દા નં. (૧)થી (૯)ની તથા આઈડી નં. ૧૪૯૮ મુદ્દા નં.૧ થી ૨ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૯૧૨ તા.પ–૧–૧૨ થી જાહેર માહિતી અધિકારી કતારગામ, ટાઉન પ્લાનરશ્રી (મ.શ.વિ.) ને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.નોર્થઝોન/આ.નં.૭૪૨૯ તા.૨૫–૧–૧૨ થી મુદ્દા નં.૧ થી ૯ ની માહિતી સમય અવધિમાં આપવામાં આવેલ છે. તેમજ પત્ર નં.એન.ઝેડ/આ.નં.૭૪૩૪ તા.૨૭–૧–૧૨ થી મુદ્દા નં.૧ થી ૨ ની બીજી અરજીની માહિતી સમય અવધિમાં આપવામાં આવેલ છે. જે બાબતે અરજદારેપત્ર નં. એન.ઝેડ/આઉટ/૭૪૩૪ તા. ૨૭–૧–૧૨ અને નં. એન.ઝેડ/આઉટ/૭૪૨૯ તા.૨૫–૧–૧૨ થી મળેલ માહિતીની વિગતો પાયા વગરની અને અધૂરી હોવાનું જણાવી તા. ૨૩–૨–૧૨ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં મુદ્દા નં.(૧) ઓમકાર સોસાયટી વિભાગ–૨ સિંગણપોર સોસાયટીના કેટલા મકાનો પરવાનગી લઈ ૧ અને ૨ માળ બાંધેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ટીપી સ્કીમ નં.૨૬ (સીંગણપોર) રે.સ. નં.૩૩,૩૬ માં આવેલ ઓમકાર સોસા. વિભાગ– ૨ ના બાંધકામ પ્લાનો અને.ઝેડ/આ.નં.૨૧ તા. ૧૬–૧–૧૯૯૫ થી મંજુર કરવામાં આવેલ છે અને ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં એક સબ પ્લોટ હોલ્ડર ધ્વારા માળ બાંધવાની પરવાનગી મેળવેલ હોવાનું જણાય છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨) ઓમકાર સોસાયટી વિભાગ–૨ સિંગણપોર સોસાયટીના માર્જીનમાં કેટલા મકાન ધારકોએ મકાન બાંધેલ છે અને કાયદેસર કરાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી કતારગામઝોનના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં સદર વિગત ઉપલબ્ધ ન હોય આપી શકાય તેમ નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૩) ઓમકાર સોસાયટી વિભાગ–૨ સિંગણપોર સોસાયટીમાં ૭.૫૦ ટી.પી. રોડ પર કેટલા મકાન ધારકોએ દાદર, મુકયા તેમજ સ્ટ્રીટલાઈટ પોલ કવર કરી લીધેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી કતારગામઝોનના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં સદર વિગત ઉપલબ્ધ ન હોય આપી શકાય તેમ નથી.તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૪) ઓમકાર સોસાયટી વિભાગ–૨ સિંગણપોર સોસાયટીના એક મકાન ઉપર મોબાઈલ ટાવર ઉભો કરવામાં આવેલ છે તે મકાન ઉપર ઉભો કરેલ ટાવર કાયદેસર છે ઉપરનો માળ કાયદેસર છે મોબાઈલ ટાવર મકાન પર મુકવા માટે સોસા.ના કેટલા સભ્યોની સંમતિ લીધેલી છે અને તેના જો આઈ.સી. ના નાણા ભરેલા હોય તો તે કયા આધાર પુરાવા સાથે લીધેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી કતારગામઝોનના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં ઓમકાર સોસા. વિ–૨ , સબ પ્લોટ નં.૨૩,૨૪ માં મોબાઈલ ટાવર ઉભો કરવાની એનઓસી આપવામાંઆવેલ હોવાનું જણાય છે. મોબાઈલ ટાવર ઉભો કરવા સોસા.ના લેટર પેડ પર અંદાજે ૧૪ (ચૌદ) પ્લોટ હોલ્ડર ધ્વારા સંમતિપત્રક આપેલ હોવાનું જણાય છે. સદર મિલ્કતધારક પાસે આઈ.સી.ના નાણા ટીપી સ્કીમના એફ ફોર્મના આધારે જમા લેવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૫) ઓમકાર સોસાયટી વિભાગ–૨ સિંગણપોર ગામ ટીપી ૨૬, એફપી ૩૮, રેસ. નં.૩૩/૩૬ પૈકીમાં આવેલ સીઓપીનું માપ કેટલા વાર થયેલ છે તે સુમારે કેટલા ચો. ફુટ થાય છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મંજુર પ્લાન મુજબ સીઓપીનું માપ ૮૧૫ .૪૩ ચો.મી. જણાય છે. સ્થળ પરિસ્થિતિની વિગતો રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૬) ઓમકાર સોસાયટી વિભાગ–૨ સિંગણપોર સોસાયટી ના પ્રથમ પ્લાન સન ૧૯૯૫–૯૬ માં મુકેલ પ્લાન મુજબ સીઓપીનું માપ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મજુર પ્લાન મુજબ સીઓપીનું માપ ૮૧૫.૪૩ ચો.મી.જણાય છે.મુદ્દા નં.(૭) ઓમકાર સોસાયટી વિભાગ–૨ સિંગણપોર મંજુર પ્લાન મુજબ કેટલા મકાનો અને હાલ સ્થળ ઉપર દેખીતા કેટલા મકાનો બોલી રહયા છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મંજુર લે આઉટ પ્લાન મુજબ સોસા.માં કુલ–૭૬ મકાનો જણાય છે સ્થળ પરિસ્થિતિની વિગતો રેકર્ડ પર ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૮) ઓમકાર સોસાયટી વિભાગ–૨ સિંગણપોર હાલ અત્યાર સુધીના મકાનોને કેટલા મકાનોને નોટીસ મનાઈ હુકમ આપવામાં આવેલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં ૧(એક) મકાનને નોટીસ અને મનાઈ હુકમ આપવામાં આવેલ જણાય છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૯) ઓમકાર સોસા. વિભાગ–૨ સીંગણપોર દેખીતા હાલ તમામ મકાનની ગ્રાઉન્ડ ફલોર, પ્રથમ માળ તેમજ હયાત બીજા માળની માપ સહિતની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં સદર વિગત ઉપલબ્ધ ન હોય આપી શકાય તેમ નથી. તેવું જણાવેલ. પરંતુ જાહેર માહિતી અધિકારીના પત્ર નં.એન.ઝેડ/એઆરડી/૮૬૧ તા.૨૩–૨–૧૨ થી અરજદારને મુદૃ નં.૯ અંગે નિર્દિષ્ટ મકાનોના દફતરી ઉતારાની ૧૦૨ નકલો આપ્યાના પત્રની નકલ અત્રે રજૂ કરેલ છે.

અરજદારની આઈ ડી નં.૧૪૯૮ બાબતે મુદ્દા નં.(૧) સને ૧૯૯૭–૯૮ થી સોસા.માં પાણીની લાઈન નાઢ ખવાનો કેટલા એસ્ટીમેન હતો અને સોસા.એસ.સી./એસ.ટી.ની તથા સ્ટાફ હોય તો કેટલા ટકા ચાર્જીસ ભરવા પડે. તે ચાર્જીસમાં કયા માન્યશ્રી કોર્પોરેટની સાહેબશ્રીની ગ્રાન્ટ મેળવવામાં આવેલી રકમથી મંજુર થયેલ અને ઉપરોકત સોસા. કેટલું ભંડોળ આ રીતે સોસા. ડ્રેનેજલાઈન–સ્ટ્રીટલાઈટ તેમજ ડામર રોડના ફાળામાં કેટલી–કેટલી રકમ સોસા.માં ભરેલ છે અને માન્યશ્રી કોર્પોરેટની ગ્રાન્ટ લેવામાં આવી છે તે માહિતી. તેવા પ્રશ્ન

બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સિંગણપોરમાં આવેલ ઓમકાર સોસા. વિ–૨ માં એસ.સી. /એસ.ટી વર્ગના લોકો વસતા હોય, ૧૫% લોકફાળો અને ૬% સુપરવિઝન ચાર્જ મળી કુલ થનાર ખર્ચના ૨૧% લેખે ચાર્જીસ ભરવા પડે. જે મુજબ પાણીની લાઈન, રસ્તા મેટલ ગ્રાઉટીંગ કારપેટના કામે નીચે મુજબ ભંડોળ સોસા. ધ્વારા મ્યુ. કચેરીમાં જમા કરાવવામાં આવેલ છે. **પાણીની લાઈન** (૧) રસીદ નં.૧૧૩૬૭ તા. ૨૯–૫–૧૯૯૮ રૂા.૫,૦૦૦/– (૨) રસીદ નં.૩૦૯૬૬૩ તા.૩૦.૩–૨૦૦૦ રૂા.૫૬, ૯૪૦/– (૩) રસીદ નં.૧૮૧૮૦ તા.૩–૬–૨૦૦૦ રૂા.૧ ૪,૩૫૦/– કુલ રૂા. ૭૬,૨૯૦/–

**આંતરિક રસ્તા મેટલ ગ્રાઉટીંગઃ–** સોસા. તરફથી મળેલ મંડોળની વિગત (૧) રસીદ નં. ૨૬૩૯૨૭ તા.૧૭–૧ ૦–૨૦૦૦ રૂા.૫,૦૦૦/– (૨) રસીદ નં.૪૪૧૩૫૩ તા. ૧૩–૨–૨૦૦૦ રૂા. ૩૨, ૦૦૦/– (૩) સંસદસભ્યશ્રી કાશીરામભાઈ રાણાની ગ્રાન્ટ રૂા.૧૫,૦૦૦/– (૪) મ્યુ. સભ્યશ્રી નરોત્તમભાઈ એ. પ્રજાપતિની ગ્રાંટ રૂા.૧ ૫,૦૦૦/– (૫) મ્યુ. સભ્યશ્રી રસીકભાઈ રાણાની ગ્રાંટ રૂા.૧૦,૦૦૦/– (૬) મ્યુ. સભ્ય શ્રીમતિ દક્ષાબેન રાઠોડની ગ્રાંટ રૂા.૧૦,૦૦૦/– કુલ રૂા.૮૭,૦૦૦/–

**રસ્તા કારપેટ** (૧) રસીદ નં.૧૪૨૨૪૨ તા. ૧૮–૪–૦૭ રૂા. ૫,૦૦૦/– (૨) સંસદસભ્ય શ્રી કાશીરામભાઈ રાણાની ગ્રાંટ રૂા.૩૦,૦૦૦/– (૩) ધારાસભ્યશ્રી નરોત્તમભાઈ પટેલની ગ્રાંટ રૂા.૧૪,૦૦૦/– (૪) ધારાસભ્ય શ્રી રણજીતભાઈ ગીલીટવાલાની ગ્રાંટ રૂા. ૪૫, ૧૦૦/– (૫) ધારાસભ્ય શ્રી ધીરૂભાઈ ગજેરાની ગ્રાંટ રૂા.૨૫, ૦૦૦/– (૬) મ્યુ. સભ્ય શ્રીમતિ પ્રભાબેન સી. તરસરીયાની ગ્રાંટ ૮,૦૦૦/– (૭) મ્યુ. સભ્યશ્રી વિનોદભાઈ એ. મોરડીયાની ગ્રાંટ રૂા. ૮,૦૦૦/– (૮) મ્યુ. સભ્યશ્રી સતીષભાઈ કે. પટેલની ગ્રાંટ રૂા. ૮,૦૦૦/– કુલ રૂા. ૧ ,૪૩, ૧૦૦/– **સ્ટ્રીટ લાઈટઃ–** સદર સોસા.માં સ્ટ્રીટ લાઈટની સુવિધાની કામગીરી થયાને આશરે ૧૨ થી ૧૩ વર્ષ જેટલો સમય થયેલ હોય ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં ઉપલબ્ધ ન હોય માહિતી આપી શકાય તેમ નથી.

**ડ્રેનેજ લાઈનઃ–** સદર સોસા.માં ડ્રેનેજ લાઈન નોર્થઝોન (ડ્રેનેજ વિભાગ) ધ્વારા નાંખવામાં આવેલ નથી. તેવું જણાવેલ છે.

મુદ્દા નં.(૨) ઓમકાર સોસા. વિભાગ–૨ સિંગણપોર સોસા. સફાઈ કામ માટે સોસા. ને જે અનુદાનમાં આપવામાં આવેલ છે તે લેટર પેડ પર કેટલા સભ્યોની સહી કરાવેલ છે અને દર માસે અનુદાન પેટે કેટલી રકમ મ્યુ. કોર્પો. ધ્વારા ફાળવવામાં આવે કોના ધ્વારા અને કોના ખાતામાં અને તેના ખાતા નંબર સહિત કઈ બેંક શાખામાં જમા થાય છે તેની માહિતી આપવા બાબત. કેટલા વર્ષથી અનુદાન પેટે સોસા.ના નામે કે વ્યકિતગત નામે જે ચેક કે રોકડ નાણા આપવામાં આવે છે તે માહિતીની સહી સિકકાવાળી નકલ મેળવવા બાબત, તે બદલ જે વાઉચર કયા વ્યકિતની સહી લેવાય છે તેનું નામ અને સરનામાં સહીની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી (૧) અનુદાન શરૂ કરેલ તા. ૦૧–૪–૦૬ થી તા. ૩૧–૩–૧૨ સુધીનો સમયગાળો અનુદાન હેઠળ સફાઈ કરાવવાના કરાર થયેલ છે. (૨) માસિક અનુદાન ચૂકવવા જોગ રકમઃ– રૂા.૧૦૦૦/– તા. ૧–૬–૧૦ થી રૂા.૨૦૦/– વધારો તા. ૧–૬–૧૦ થી માસિક અનુદાન ચૂકવવા જોગ રકમ રૂા. ૧૨૦૦/– (૩) સોસા. ના નામનો ચેક ઈસ્યુ થાય છે. (૪) દેના બેંક કતારગામ શાખામાં થાય છે. (૫) સોસા. નો પાર્ટી કોડ નં.૦–૦૦૦૩૯ (સી) તેવું જણાવેલ છે.

વધુમાં અરજદારને અત્રેથી બે અલગ અરજી–માહિતી સામે સંયુકત અપીલ છે. તેમને બંને અરજીમાં અધૂરી અને પાયા વગરની માહિતીના દાવા સામે મળેલ માહિતી સહિત મુદ્દાવાર આધાર સહ પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે તા. ૨૨–૩–૧૨ થી તા. ૨૩–૨–૧૨ ના દિને હમો આપ સાહેબની કચેરીમાં અપીલ દાખલ કરાવેલ આપ નામદારશ્રી એ એક જ અપીલ અરજી અલગ અલગ કરવાની જાણ હમોને તા.૧૫–૩–૧૨ ના દિને સાંજે ૫.૦૦ કલાકે આપની કચેરીના વ્યકિત ધ્વારા હમોના ઘરના સભ્યની સહી કરાવવી ને પત્ર આપી ગયેલ હતા વધુ જણાવવાનું કે અમો અરજદાર કૌટુંબિક કામકાજ હોવાથી હમો તા.૧૨–૩–૧૨ થી તા.૨૦–૩–૧૨ સુધી રાજસ્થાન ગયેલ હોવાથી હમો આપ સાહેબનો પત્રનો જવાબ આજ દીને રજૂ કરીએ છીએ જે આપ નામદાર સાહેબ હમો અરજદારની અપીલ ગ્રાહય રાખી રાઈટ ટુ ઈન્ફર્મેશન ની જોગવાઈ મુજબ હમોને હકક પર આપ તરાપ ન મારશો તેવી રજૂઆત કરેલ છે.

અરજદારની પ્રથમ અપીલ તા.૨૩–૨–૧૨ ધ્યાને લેતાં ૨૩–૦૩–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૦૭–૪–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૪–૨–૧૨ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી આઈ ડી નં.૧૪૯૮ ના મુદ્દા નં.૨ માં સ્ટ્રીટ લાઈટ અંગેની માહિતી દફતરે નહીં હોય તેના નિકાલ કે નાશ અંગેની માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળ લાગુ કિસ્સામાં ફી ભરપાઈ કરીને અત્રેની જાણ હેઠળ દફતરી વિગતે દિન–૭ માં અરજદારને પૂરી પાડવા અન્યથા તેટલા મુદ્દા પૂરતી લાગત દફતરની તપાસણી લાગુ કિસ્સામાં ફી ભરપાઈ કરી પૂરી પાડવા તથા આઈ ડી નં.૧૪૯૯ ના મુદ્દા નં.૨,૩,૭ તથા ૯ અંગે લાગત દફતરની તપાસણી આઈટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયત–૫ હેઠળ લાગુ કિસ્સામાં ફી ભરપાઈ કરાવી દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન) ને જણાવવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૨

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (નોર્થઝોન), ...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી રામપ્રકાશ કૈલાશચંદ્ર જાંગીડ,